# મોડાસાના વોર્ડ નંબર-૫ના સ્થાનિક રહિશોની ચૂંટણી બહિષ્કારની ચીમકી

## વોર્ડમાં ચાલતી ભૂગર્ભ ગટર યોજનાનું કામકાજ અચાનક બંધ કરી દેતા લોકોમાં આક્રોશ

મોડાસા, તા. ૨૯

સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે રાજકીય પક્ષો ઉમેદવારી પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હાથધરી છે બીજીબાજુ અરવલ્લી જીલ્લાના માલપુરના નવાઘરા અને મોડાસાના માલવણ ગામે પડતર માંગણીઓને લઈ ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચાર્યા બાદ મોડાસા શહેરમાં વોર્ડ.નં-૫ ના સ્થાનિકોએ તેમના વિસ્તારમાં ચાલી રહેલ ભૂગર્ભ ગટર યોજનાનું કામકાજ કામ કરતી એજન્સીએ સ્થાનીક ભાજપના એક નેતાના ઈશારે બંધ કર્યું હોવાના આક્ષેપ સાથે વાઘરીવાસના મતદારોએ ભૂગર્ભ ગટર યોજનાનું કામકાજ સત્વરે ચાલુ નહીં થાય તો ચૂંટણી બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે

મોડાસા શહેરના વાઘરીવાસમાં દર ચોમસામા પાણી ભરાય જવાની સમસ્યાથી લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે વાઘરીવાસમાં ચોમાસામાં પાણી લોકોના ઘરોમાં ઘુસી જવાની સાથે પાણી ભરાઈ રહેતા અસહ્ય ગંદકીથી મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાનો ભોગ સ્થાનીકો વર્ષોથી બની રહ્યા છે આ વિસ્તારના રહિશો છેલ્લા ઘણા વર્ષો થી ભુગર્ભ ગટર યોજનો લાભ આપવા નગરપાલિકા તંત્રના સત્તાધીશો સમક્ષ અનેકવાર રજુઆત કરી હતી હાલ મોડાસા પાલિકા વિસ્તારમાં સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ.૧૩૮ કરોડના ખર્ચે ભુગર્ભ ગટર નું નિર્માણ થઈ રહ્યુ છે ત્યારે આ વિસ્તારમાં પણ કામ ની શરૂઆત કરી હતી.



જોકે ભાજપના નેતાઓ એ ગટરનું કામ વિકાસ નો જશ ખાટવા માટે બંધ કરાવી દીધુ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે સ્થાનીક લોકોમાં અચાનક ભૂગર્ભ ગટર યોજનાનું કામકાજ બંધ કરી દેવતા અને રોડ પર ખાડા ખોદી નાખી અધવચ્ચે છોડી દેતા ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાની સાથે સ્થાનિક રાજકીય હુંસાતુંસીના પગલે વર્ષો બાદ માંગણી માંડ સંતોષાઈ હતી અને તેમાં પણ રાજકારણ ઘૂસી જતા સ્થાનિકોએ ભૂગર્ભ ગટર યોજનાનું કામકાજ સત્વરે શરુ કરવામાં નહિ આવે તો આગામી સમયમાં યોજાનાર નગરપાલિકાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી અને આગામી સમયમાં ગાંધીનગર સુધી રજુઆત કરવા સ્થાનિકોએ તૈયારી કરી લીધી હોવાનું જણાવ્યું હતુ

# ચૂંટણી અગાઉ શહેર કોંગ્રેસ પ્રમુખે ભાજપનો ખેસ પહેર્યો

## બાયડ પાલિકાનો ચૂંટણી જંગ, પક્ષમાં રહી પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે ભાજપની લાલઆંખ : નો-રિપીટ થીયરીની સંભાવના, ભાજપ સંગઠનની એક્તાથી કોંગ્રેસમાં હલચલ

બાયડ, તા.૨૯

બાયડ નગરપાલિકાની તા.૨૮ ફેબ્રુઆરીએ યોજનારી ચૂંટણી અગાઉ રાજકીય માહોલ જામી રહ્યો છે. પક્ષમાં રહી પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરનારાઓ સામે ભાજપે લાલઆંખ કરતાં અનેક વર્તમાન કોર્પોરેટરોની ટીકીટ ઉપર કાતર ફરી શકે છે. મોટાભાગે નો-રિપીટ થીયરીની સંભાવના વધી છે. ભાજપ સંગઠનની એક્તાથી કોંગ્રેસ છાવણીમાં હલચલ મચી ગઈ છે. બાયડ શહેર કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ (દીનુભાઈ)પટેલે કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપનો ખેસ ધારણ કરતાં કોંગ્રેસને વધુ ફટકો પડ્યો છે.

જિલ્લાની રાજકીય પ્રયોગશાળા તરીકે પંકાયેલા બાયડ તાલુકામાં ગમે તે ઘડીએ રાજકીય સમીકરણો બદલાય તેવા દાખલા ઉપલબ્ધ છે. પાછલા ૫ વર્ષમાં બાયડ તાલુકા પંચાયત અને બાયડ નગરપાલિકામાં થયેલી સત્તાની ઉથલ પાથલથી હવે અભ્યાસુ મતદારો પણ બધું જ સમજી ગયા છે. ત્યારે બાયડ પાલિકા વિસ્તારના મતદારોની ચતુરાઈ કાબિલેદાદ રહી છે. વર્ષ-૨૦૧૬માં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં મતદારોએ ભાજપને સત્તાનું સૂકાન સોંપ્યા પછી સબળ વિપક્ષ પણ આપ્યો હતો પરંતુ ૫ વર્ષ દરમ્યાન શું થયું તે મતદારો જાણે છે. તા.૨૮ ફેબ્રુઆરીએ બાયડ પાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે ખરાખરીનો જંગ જામવાનો છે તે અગાઉ ભાજપની પ્રદેશ નેતાગીરી તેમજ સ્થાનિક સંગઠન નેતાગીરીએ છેલ્લા ૫ વર્ષ દરમ્યાન ભાજપના કોર્પોરેટરોએ કરેલી કામગીરીની રજેરજની વિગતો ઉપરાંત સામાન્ય સભામાં કયા નગરસેવકો ગેરહાજર રહ્યા હતા તેની તમામ વિગતો મેળવી આંકલન કર્યુ છે અને પક્ષમાં રહી પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે લાલઆંખ કરી દીધી છે. પ્રતિભાશાળી અને જીતી શકે તેવા ઉમેદવારોને ભાજપ મેદાનમાં ઉતારી ફરી એકવાર બાયડ પાલિકામાં ફતેહ મેળવવાના પ્રયાસ કરશે. જ્યારે કોંગ્રેસ છાવણીમાં તો ચોક્કસ જૂથને જ ટીકીટ ફાળવણી માટે મુક સંમતિ આપ્યાની લોકચર્ચા છેડાતાં કોંગ્રેસના અદના કાર્યકરો સમસમી ઉઠ્યા છે.

### ભાજપમાં કોઈની મનમાની નહીં ચાલે : ભાજપ સંગઠન

બાયડ પાલિકાની સામાન્ય ચૂંટણી જાહેર થતાંની સાથે બાયડ પાલિકા અને બાયડ તાલુકામાં ભાજપનો ભગવો લહેરાય તે માટે સ્થાનિક અને જિલ્લા સંગઠને વિકાસના કામોથી પ્રજા અને મતદારોને અવગત કરવાના પ્રયાસ શરૂ કરી દીધા છે તેમજ પક્ષના સંનિષ્ઠ અને પ્રતિભાશાળી ઉમેદવારોને મેદાનમાં ઉતારી જીત મેળવવાના પ્રયાસો કરવામાં આવશે. આવતા સપ્તાહે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બેઠક દીઠ ઉમેદવારો ભાજપ જાહેર કરી શકે છે તે અગાઉ ભાજપમાં કોઈની મનમાની ચાલવાની નથી તેવો સ્પષ્ટ સંદેશો ભાજપ સંગઠને આપી દીધો છે.

# પ્રાંતિજના બાલીસણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બબ્બે એવોર્ડથી સન્માનિત

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બાલીસણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સરકાર દ્વારા શ્રેષ્ઠ સેવાઓ અને ગુણવત્તા જાળવવા જિલ્લા કલેકટર ર્ડા.રાજેન્દ્ર પટેલ દ્વારા કાયાકલ્પ અને ક્વોલીટી એશ્યોરન્સના સર્ટિફિકેટ અને એવોર્ડ આપવામાં આવ્યા હતા.સાબરકાઠા જિલ્લા આરોગ્ય માલુમ પડતાં બાલીસણા આરોગ્ય કેન્દ્રને શ્રેષ્ઠ આરોગ્યની ગુણવત્તા સભર કામગીરી નું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે અને આ તમામ શ્રેય ડૉ.આર.કે.




માટેના દ્વિઊછજી અને કાયાકલ્પ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાલીસણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ અને ગુણવત્તા જાળવવા માટેની અતિસુંદર આરોગ્યલક્ષી સેવાઓ બદલ અને ગુણવત્તા જાળવવા માટેનું સર્ટિફિકેટ બાલીસણા કેન્દ્રને ૭૨મા પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે અધિકારી ડૉ.રાજેશ પટેલના કુશળ માર્ગદર્શન હેઠળ બાલીસણા આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ.આર.કે. યાદવ, ડૉ.જ્યોત્સનાબેન તેમની ટીમે આરોગ્ય લક્ષી તમામ સેવાઓ અને આરોગ્ય કેન્દ્રની વિવિધ સંભાળ આરોગ્ય મંત્રાલયની ગાઈડ લાઈન પ્રમાણે કરતાં કેન્દ્રની ટીમે મોનીટરીંગ કરતા કામગીરીની વિવિધ બાબતોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી અને તુલનાત્મક અભ્યાસ બાદ શ્રેષ્ઠ કામગીરી યાદવ,મેડિકલ ઓફિસરની કામગીરી અને ટીમની કામગીરીને ફાળે યશ મળતાં જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારી ડૉ.રાજેન્દ્ર પટેલ ,જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.રાજેશ પટેલ,જિલ્લા ક્વોલીટી એશ્યોરન્સ ઓફિસર ડૉ.એ.આઈ. મલેક,તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એ.એચ.સોલંકી દ્વારા ડૉ.આર.કે.યાદવ અને બાલીસણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટિમ સહિત તમામ કર્મચારીઓ ને અભિનંદન આપ્યા હતા.

# પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર મસ્ત મોટા ખાડા

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર મસ્ત મોટા ખાડા પડવાથી વાહન ચાલકો પરેશાન તો અનેક વાહન ચાલકો ખાડામાં પડવાથી રોડ માપયો છે અને હાડકાં ભાગ્યા છે છતાં જવાબદાર તંત્ર હજુ ગૌર નિદ્રામા હોય તેવું જણાઇ આવે છે. પ્રાંતિજના હાર્ટ સમાન એપ્રોચરોડ રોડ ઉપર છેલ્લા કેટલાય સમયથી રોડ વચ્ચોવચ્ચ મસ્ત મોટા ખાડા પડી ગયા છે અને અવરજવર કરતા બાઇક ચાલકો વાહન ચાલકો ખાડામાં પડવાથી હાડકાં ભાગ્યા છે અને રોડ માપયો છે ત્યારે રોડ ઉપર રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકો તથા આ વિસ્તાર માં આવેલ સોસાયટી ના રહીશો દ્વારા તંત્રમાં રજુઆતો કરવા છતા રોડ વચ્ચે પડેલ ખાડાઓ પુરવામાં આવ્યા નથી તો કેટલાય વાહન ચાલકો ખાડામાં પડવાથી હાડકાં ભાગવાની સાથે વાહન ચાલકો ને પણ નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રોડ વચ્ચે પડેલ મોટા મસ ખાડા પુરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# સાબરકાંઠામાં ૧૯૩૧૬૮ બાળકોને પોલીયોની રસી પીવડાવાશે

### ૩૧ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી સુધી રસીકરણ ઝુંબેશ હાથ ધરાશે : ૪૮ પ્રા.આ. કેન્દ્ર તેમજ શહેરી વિસ્તારના ૮૮૧ બુથ પર કામગીરી થશે

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લામાં બાળ લકવા નાબુદી અભિયાન અંતર્ગત ૦ થી ૫ વર્ષના બાળકોને બાળ લકવા વિરોધી રસી આપવા માટેનું અભિયાન તા. ૩૧ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી સુધી ચલાવાશે. જેમાં અંદાજે ૧૯૩૧૬૧ બાળકોને પોલીયો વિરોધી રસીથી રક્ષિત કરવાનો લક્ષ્યાંક રખાયો છે. જેના માટે આરોગ્ય વિભાગની ૧૭૬૨ ટીમો પોલીયો રસીકરણની કામગીરીમાં જોડાશે.

આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગના વડા ડૉ. રાજેશ પટેલના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં તા. ૨૧ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી સુધી ચાલનારા પોલીયો રસીકરણ અંતર્ગત ૮ તાલુકા હેલ્થ કલેક્ટર કચેરી વિસ્તારમાં આવેલ ૪૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ શહેરી આરોગ્ય કેન્દ્રમાં ૮૮૧ બુથોના માધ્યમથી પોલીયો રસીકરણની કામગીરી કરાશે. આ ઉપરાંત ૩૯ ટ્રાન્જીટ પોઈન્ટ તેમજ ૧૩ મોબાઈલ ટીમો મારફતે જિલ્લાના ૦ થી ૫ વર્ષના બાળકોને આવરી લેવાશે.



## દેશોત્તરમા અંબાજી માતાજીનો પાટોત્સવ ધામધૂમ ઉજવાયો

ઈડર તાલુકાના દેશોત્તર ગામ મુકામે રાઠોડ સમાજ દ્વારા શ્રી અંબાજી માતાજી નો પંચવર્ષીય પાટોત્સવ ઉજવાયો જેમાં સરકાર ની ગાઈડ લાઈન મુજબ માસ્ક પહેરીને અને સોશીયલ ડિસ્ટન્સ રાખી ને ખુબજ ઉત્સાહ પૂર્વક દિલીપ ભાઈ જોષી મહારાજ દ્વારા પૂજા હવન કરવામાં આવી હતી.જેમાં ભકતો એ દર્શન કરી મહાપ્રસાદનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

# સાબરકાંઠા જિલ્લમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ૧૧૭૩ મતદાન મથકો ઉભા કરાશે

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લામાં ફેબ્રુઆરી મહિનામાં બે તબક્કામાં જિલ્લા, તાલુકા પંચાયત અને ત્રણ નગરપાલિકાઓની ચૂંટણી યોજાનાર છે. ત્યારે ફેબ્રુઆરીના બીજા અઠવાડીયામાં સત્તાવાર જાહેરનામુ પ્રસિદ્ધ થનાર છે. ત્યારે તે પૂર્વે જિલ્લાની ચૂંટણી શાખા દ્વારા કામગીરી શરૂ કરી દેવાઈ છે. જે અંતર્ગત સૌ પ્રથમ ઈવેએમનું ટેસ્ટીંગ શરૂ કરીને દરેક તાલુકા મથકે મોકલી અપાયા છે. આ ઉપરાંત જિલ્લામાં ચૂંટણીના મતદાન માટે લગભગ ૧૧૭૩ મતદાન મથકો ઉભા કરાશે અને તેમાં એક બુથમાં બે ઈવીએમ ગોઠવવામાં આવશે.

આ અંગે ચૂંટણીશાખાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં ફેબ્રુઆરીમાં યોજાનાર ચૂંટણી માટે ૧૧૭૩ મતદાન મથકો ઉભા કરાશે જેમાં શાળાઓના મકાનનો ઉપયોગ થશે. આ ચૂંટણીમાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત માટે અલગ ઈવીએમ હશે. જેથી એમ કહી શકાય કે એક બુથમાં બે ઈવીએમ રહેશે. જ્યારે જરૂર પડે કોઈ ઈવીએમમાં ટેકનીકલ ક્ષતિ ઉભી થાય તો તરત જ ઈવીએમ બદલવાની વ્યવસ્થાના ભાગરૂપે ૧૦ ટકા ઈવીએમ રીઝર્વ રખાયા છે.

તો બીજી તરફ મતદારો તથા ચૂંટણીલક્ષી કામગીરી કરનારા કર્મચારીઓને તાલિમ આપવા માટે પાંચ ટકા ઈવીએમ અલગથી રાખવામાં આવ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ તબક્કામાં ઈવીએમની ચકાસણી ગત તા. ૨૨ જાન્યુઆરીથી શરૂ કરી દેવામાં આવી હતી અને શુક્રવારે પ્રાંતિજ અને તલોદ તાલુકાના ઈવીએમની ચકાસણી કરીને તે ઈવીએમ રીટર્નીંગ ઓફીસર એટલે કે તાલુકા મામલતદારને હવાલે કરી દેવાયા છે. ઈવીએમની ચકાસણી દરમિયાન બગડી ગયેલા અથવા તો ખામી ધરાવતા મશીનોના સમારકામ માટે ઈવીએમ બનાવનાર કંપનીના ટેકનીકલ સ્ટાફને પણ હાજર રખાયો હતો.

જો કે ચૂંટણીપંચની માર્ગદર્શીકા મુજબ આગામી દિવસોમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ત્રણ નગરપાલિકાઓની ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયીક રીતે થાય તે માટે નિરીક્ષકો પણ નિમવામાં આવશે. તથા મતદાન અને મતગણતરીમાં ફરજ બજાવનાર સરકારી કર્મચારીઓને તાલિમ આપવાની કામગીરી ટુંક સમયમાં શરૂ કરાશે. તો બીજી તરફ ત્રણેય સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી કરવા ઈચ્છતા ઉમેદવારોનું ચિત્ર પણ ઉમેદવારી પત્રો ભરાયા બાદ સ્પષ્ટ થવાની શક્યતા છે.

### કયા તાલુકામાં કેટલા મતદાન મથકો હશે

| | |
|---|---|
| હિંમતનગર | ૨૭૨ |
| ઈડર | ૨૩૯ |
| વડાલી | ૭૩ |
| ખેડબ્રહ્મા | ૧૧૩ |
| પોશીના | ૯૩ |
| તલોદ | ૧૩૯ |
| પ્રાંતિજ | ૧૩૨ |
| વિજયનગર | ૧૧૧ |

### ત્રણ પાલિકાની ચૂંટણીમાં કેટલા મતદાન મથકો હશે

સાબરકાંઠાની હિંમતનગર અને વડાલી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે તેમાં હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં ૮૨ તથા વડાલી નગરપાલિકા વિસ્તારમાં ૧૯ મતદાન મથકો ઉભા કરાશે જ્યારે તલોદ નગરપાલિકાની પેટા ચૂંટણીમાં છ મતદાન મથકો રહેશે.

## અરવલ્લી જિલ્લામાં ધો.૬-૭ની

# શાળાઓ મર્જ કરવામાં બેધારી નીતિનો આરોપ

બાયડ, તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ધો.૬-૭ ની શાળાઓ મર્જ કરવામાં બેધારી નીતિના આરોપ સાથે રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકને રજૂઆત થઈ છે. ધનસુરા તાલુકાની નાનીબોરવાઈ પ્રા.શાળામાં ધો.૬-૭ માં ૧૯ સંખ્યા હોવાથી શાળા મર્જ કરવામાં આવી છે પરંતુ ભૌગોલિક સ્થિતિ વિપરીત છે કારણ કે આસપાસમાં રસ્તા ઉપર ક્વોરીની જોખમી ખાણો આવેલી છે છતાં યોગ્ય નિર્ણય લેવાયો નથી. જ્યારે તાલુકાની અન્ય ૪ શાળાઓમાં ઓછી સંખ્યા હોવા છતાં શાળાઓને મર્જ કરવામાં આવી નથી.

શિક્ષકો માટે બદલી થી માંડી શાળાઓ મર્જ કરવા બાબતમાં થઈ રહેલા અર્થઘટનના કારણે મોટાભાગે અન્યાયની લાગણી પ્રવર્તિ રહી છે. ગત વર્ષે યોજાયેલા વધ-ઘટ બદલી કેમ્પમાં અનેક શિક્ષકોએ અન્યાયની લાગણી સાથે બદલી થયેલી શાળામાં હાજર થયા નથી અને કોર્ટનો દ્વારા ખટખટાવ્યો છે જેમના પગાર બંધ કરી દેવામાં આવ્યા છે અને હવે ધનસુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારની ધો.૬-૭ ની શાળા મર્જ કરવામાં બેધારી નીતિનો ગંભીર આરોપ લાગ્યો છે.

વિશ્વાસુ સૂત્રો જણાવે છે કે શાળાઓ મર્જ કરતાં અગાઉ કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓને બહુ દૂર અભ્યાસ માટે જવું ન પડે. રસ્તાઓ જોખમી ન હોય, નદી ઓળંગવી ન પડે પરંતુ અહીંયાં તો શાળાઓ મર્જ કરવાના નિયમોનું મનઘડત અર્થઘટન થયું છે. શાળાઓ મર્જ કરવામાં પણ ક્યાંક કૂણી લાગણી દર્શાવ્યાનો આરોપ છે. રાજ્યના પ્રા. શિક્ષણ વિભાગમાં થયેલી રજૂઆતમાં તાલુકાની ૪ સરકારી પ્રા.શાળાઓમાં મર્જ કરવામાં કેમ અલગ માપદંડ અપનાવ્યા છે તેવા સોસરવા સવાલ થયા છે.

### ધનસુરા તાલુકામાં ભૌગોલિક સ્થિતિ વિપરીત છતાં શાળા મર્જ કરી, અન્ય ૪ શાળા માટે અલગ માપદંડ

## બનાસ ડેરીના ગોબર આધારિત

# CNG પ્લાન્ટની મુલાકાતે મધ્યપ્રદેશનું પ્રતિનિધિમંડળ

પાલનપુર, તા. ૨૯

ગાય ભેંસના ગોબરમાંથી CNG બનાવીને વાહનોમાં ઈંધણ તરીકે વાપરવાના બનાસ ડેરીના ભારતના સૌપ્રથમ એવા CNG પમ્પની મુલાકાતે દેશભરમાંથી અલગ અલગ રાજ્યોના ઉચ્ચ અધિકારીઓ અભ્યાસ અર્થે આવી રહ્યા છે.




આજે મધ્યપ્રદેશ ગૌપાલન અને પશુ સંવર્ધન બોર્ડના એડિશનલ ડેપ્યુટી ડાયરેક્ટર ડૉ. પ્રવિણ શિંદે અને રાયસન જિલ્લા વેટરનરી હોસ્પિટલના સિનીયર વેટરનરી સર્જન ડૉ. વિનીત તિવારીએ બનાસડેરીના દામા CNG પમ્પ ની મુલાકાત લીધી હતી. તેમણે બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં આકાર પામેલા વિવિધ પ્રોજેક્ટ્સ જેવા કે બનાસ ગોબરગેસ, બનાસ મધ પ્રોજેક્ટ, બનાસ ઓઈલ પ્રોજેક્ટ, ટેક હોમ રાશન પ્રોજેક્ટ કે જેનાથી ખેડૂતોની આવક વધી રહી છે તેની પણ સમીક્ષા કરીને આત્માનિર્ભર ભારતમાં બનાસના યોગદાનને બિરદાવ્યું હતું.

# પાલનપુરમાં બેકાબુ ટ્રક હોટલમાં ઘૂસતા એકનું મોત

પાલનપુર આરટીઓ સર્કલ પાસે વહેલી સવારે અકસ્માતની ઘટના સામે આવી હતી. જેમાં બેકાબૂ બનેલ ટ્રક હોટલમાં ઘુસી જતાં એક વ્યક્તિનું મોત થયુ હતુ. આ તરફ અન્ય એક વ્યક્તિને પણ ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર હેઠળ ખસેડાયો હતો. પ્રાથમિક વિગતો મુજબ વહેલી સવારે આબૂરોડ તરફથી આવતી ટ્રકના ચાલકે કાબૂ ગુમાવતાં આ વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. પાલનપુરમાં શુક્રવારે વહેલી સવારે અકસ્માતની ઘટનામાં એક યુવકનું મોત થયુ છે. આબૂરોડ તરફથી આવી રહેલી ચોખા ભરેલી ટ્રક અચાનક હોટલ સવેરામાં ઘુસી ગઈ હતી. ટ્રક હોટલમાં ઘુસી જતાં અફરાતફરીના માહોલ વચ્ચે હોટલને પણ નુકશાન થયુ હતુ. આ તરફ ઘટનામાં ટ્રક ચાલકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયુ હતુ.

